આ પુસ્તકમાં છેવટે સ્તવનો
(જેમકે સમાપ્તમાં આવ્યાં છે.

પ્રકાશક-શ્રી મુંબઈ કરવાર લેખ ભાઈ મોતીલાલ શાહ.
આવૃત્તિ ત્રીજી પ્રત-૧૦૦૦

શાલિભદ્ર ચરિત્ર અને નેમ રાજેમતિનો વિયોગ

અમદાવાદ-'હિંદુસ્તાન' (મુદ્રણ) પ્રેસમાં છપાવ્યું
કપુરચંદ ભાઈ કીમત ૩ આના.
સંવત ૧૯૪૫ સને ૧૮૮૯
પ્રકાશકે સર્વ હક સ્વાધીન રાખ્યા છે.

સુચના પત્ર

પ્રીય વાંચનાર જૈની ભાઇઓ આ "સાલીભદ્ર ચરીત્ર" તથા "નેમરાજેમતીના વીયોગ" નામક પુસ્તકની પેહેલી બીજી અને ત્રીજી આવૃતી ખપી જવાથી આ ચોથી આવૃતી ઘણાજ સુધારા વધારા સાથે બહાર પાડવામાં આવી છે આ બુકની વધારે પ્રસંસા નહી કરતા એટલુંજ તો મારે જણાવવુંજ પડે છે કે આ બુકની ટુંક મુદતમાં ત્રણ આવૃતી એટલે તેની પ્રત કુલ મળી ૬૦૦૦ આજ દીન સુધીમાં ખપી ચુકી છે ત્યારે આ ઉપરથી ગ્રાહકો એજ સમજી લેવુ જોઈએ કે આ બુક કેટલી જૈન પ્રજામાં પ્રીય થઇ પડેલી હોવી જોઈએ આ બુકનો ટુંકામાં સારાંસ એ છે કે નેમનાથ સરખા વીર પુરૂષોએ ફક્ત પ્રાણીઓની ખાતર પરણવુ મુલતવી રાખી ચારીત્ર લેઇ સ્થીરતા મનથી સંજમ પાળી મોક્ષપદ પામ્યા જ્યારે નેમનાથ મોક્ષપદ પામ્યા તેવું જ્યારે આપણે સાંભળીએ છીએ ને જેટલો ઉત્સાહ થાયછે ત્યારે તેનું ચરિત્ર સાંભળતાં કેટલોક હર્ષ ઉત્પન્ન થવો જોઈએ તે ગ્રાહકોએજ સમજી લેવું.

બીજું આ પુસ્તકમાં સાળીભદ્રનું ચરીત્ર સમાવવામાં આવેલ છે સાલીભદ્ર સરખા દાન દેવાથી કેવી સ્થીતીએ પામ્યા છે તેનું આબેહુબ વર્ણન આ બુકમાં સમજાવવામાં આ

વેલ છે આ બુકમાં રાગો તમામ નાટક રૂપી નાંખવામાં આવેલછે નાટક રૂપી રાગો નાખવાનો હેતુ ફકત એટલોજછે કે હાલમાં ઘણા જૈની ભાઈઓ તથા ઉછળતા યુવાન અવસ્થાના બાળકોને આ રાગ ઘણા ઉછરંગભેર ગાવાને ગમે છે નાટકના ગાયનો ગાયાં કરતાં ધર્મ રૂપી કંઇક તેજ રાગમાં ગાયન ગવાય તો ઘણુંજ સારૂં થાય. અને પોતાના આત્માનું કલ્યાણ થાય તેવું ધારી આ બુક નાટકના રાગમાં રચવામાં આવી છે ગ્રહસ્થો ? હું કંઇ જ્ઞાની નથી તેમ હું કંઇ કવી નથી પણ હું મારી બાલ્યા વસ્થામાં જે કંઇ શીખેલો તે આપની સેવામાં મુકવાને મેં આ બુક રચી છે આ બુકની અંદર કોઇ ભુલ ચુક અગર આંખ દોશ કંઇ રહી ગયો હોયતો સુધારી વાંચવા તસ્દી લેશોજી.

લ. શેવક
જેશંગ મોતીલાલ શાહ

૩૯૫૫

નેમનાથ તથા રાજેમતીનો વિયોગ

પ્રાર્થના.

હે જનપાળક ટાળક દુખનો—એ રાગ.

હે જગદીશ્વર તું જીન ઇશ્વર–(૨) આ જગત તણો આધાર છે.
કરીયે વંદન સ્વામી આપ, સર્વેના ટાળો સંતાપ.
પુરણ ખલક તણા માબાપ, સહાયક સહુનો સાર છે. હે.
વંદન કરીયે નમ્ર થઈને (૨) માની તુજ આભાર.
છે જુઠો સઘળો સંસાર, અમને ઉતારો ભવ પાર.
અવનીને તારો આધાર, સેવક સહુ નરનાર છે. હે.
વીનતિ કરી માગુછુ સ્વામી, અરજી ઉરમાં ધારજે.
છું બાળક હું તારો ઇશ, પ્રિતે જાપ જપુ જગદીશ;
વાંક જાણી નવ કરશો રીસ. ભારે તુજ આભાર છે. હે
આદેશ્વર અલબેલા તુજને, કોટી વાર પ્રણામ છે.
શરણે હું આવ્યોછુ આજ, સદા રાખજે મારી લાજ.
જેશંગ કહે સમરૂ મહારાજ. વંદન કોટી વાર છે. હે.

ગીતી.

સરસ્વતિ તુજ ચરણે નમી નમીને કરૂં વીનતિ કોડે,
સિદ્ધ મનોરથ આપે દેસંગત તું સુજનની જોડે.

મલ્લિનાથ મહારાજા મેહેર કરીને સહાય સદા કરજો,
નેમનાથ ગુણ ગાવા અરજ કરૂંછું તે ઉરમાં ધરજો.

આશા ગોડી.

વ્યાપી રહી છે વધાઇ, જગતમાં વ્યાપી રહી છે વધાઇ.
પુત્ર જાયો જસોમતિ બાઇ, જગતમાં વ્યાપી રહી છે વધાઇ.
આનંદ ઓચ્છવ થાય છે અધિકો,
મંગળ ગીત ગવાઈ. જગતમાં.
તરીયા તોરણ બાંધ્યાં ટોડે,
હર્ખે સહુ ગુણ ગાઇ. જગતમાં.
ધન્ય ધન્ય આજનો દીન રૂપાળો,
સાકર સર્વે વહેંચાઇ. જગતમાં.
કનક થાળ મુક્તા ફળ ભરીયાં,
માનુનિ મન હર્ખાઇ. જગતમાં.
વીધ વીધનાં વાંજીત્રો વાજે.
નોબતને શીરણાઈ- જગતમાં.

રાગ ઓખાહરણનો

થયો નેમનો જન્મ જે વાર, વાપ્યો હર્ષ સહુને અપાર;
દીન ઉપર દીન વહીજાય, નેમનાથજી મોટા થાય.
રૂપ ચંદ્રના સરખું શોભે, જોઈ મુનીવરના મન લોભે;
હાથ પગ અને કર્ણ કપાળ, દીપે સુંદર દેહ વીશાળ.
મુખ ચંદ્રના સરખુ છાજે, રૂડો ભ્રૃકુટી વંક બિરાજે;
એમ કરતાં થયાં પાંચ વર્શ, વાપ્યો માત પીતાને હર્ષ.

સરખા મિત્રની ટોળીમાં રમતા, જોઇ રૂપને સહુને ગમતા
રૂડી લટકંતી ચાલે ચાલે, મિત્ર સંગાથે પુરમાં મહાલે.
એક દીન તે રમવા જાય, દીઠી આયુદ્ધશાળા ત્યાંય;
જોયાં આયુદ્ધ સર્વે અપાર, પ્રગટ્યો નેમને મન વીચાર.
પુછી શેવકને તે વાત, ભાઇ આશું કહો સાક્ષાત;
કહે શેવક આયુદ્ધ એહ, હોય બળીયો તે ઝાલે તેહ.
છે આ ધનુસ્ય બાણ વીશાળ, શંખ ચક્ર ગદા નીરધાર.
મોટા બંધુ શ્રી કૃષ્ણ કહે છે, સહુ આયુદ્ધ તેહ ધરે છે.
એહ વીના નથી બળવાન, ધરે આયુદ્ધ તેહ સમાન;
કહે નેમ એના શાછે ભાર, કરૂં ધનુષ્યનો ટંકાર.
એમ કહીને તે કરમાં લીધું, હાક મારી હલાવી દીધું;
શંખ ચક્ર ગદા કર ધારી, સજ્યાં આયુદ્ધ સર્વે બારી.

ખુશ રહો સનમજા–એ રાગ.

નેમનાથ તણું જોઇ જોર કૃષ્ણ વીચારે,
આ બળીયો બંધુ થયો આપણો ભારે.
તે માટે એને નાર હવે પરણાવું,
સુખે રહીયે ઘરમાંય થશે સૌ સારૂ.
પછી લક્ષ્મીને બોલાવી વારતા કીધી,
ભાઇ પરણાવા સાર શીખામણ દીધી.
પછી ગયાં લક્ષ્મીજી નેમ નાથની પાસે,
સમજાવા લાગ્યા સરવ થઇ ઉલ્લાસે.

પાસે બેસારી વાત કહે છે સારી,
જાણે શિખામણ દઈ પરણાવું નારી.

રાગ ગીરધારીનો

નેમનાથજીરે પરણોને નૌતમ નારી,
તેમાં શોભા વધશે સારી.
કહ્યું સાચુંરે પરણ્યા વીના નવ ચાલે,
મુને મેણાં સહુ સંભળાવે.
છો છબીલારે મોહન વર થયા મોટા,
દીસો પરણ્યા વીનાના ખોટા.

ઝુલ.

છે મોટું કુળ તમારૂં, નહીં પરણ્યા વીનાનું સારૂં
બહુ દેખાય જગમાં નઠારૂં, માટે માનોને શીખામણ છે
સારી. પરણોને.
પસ્તાવોરે શોક કરેછે વાતો, નથી બોલ હવે સંભળાતો.
આ સંસારેરે સુખછે નારી સાથે, પછી મેહેણું મોટું માથે.

ઝુલ.

માટે સમજી સલુણા તમે ચાલો
રૂડી સાસરીએ જઈ માહાલો;
વધે સંતાન કહે સૌ વાહાલો.
નેમનાથજીરે માનો વાત અમારી. પરણો.
તમ સરખારે સૌને જોડું શોભે,
તે જોઇ મુજ મનડું લોભે.

છે નારીરે આ જગમાં સુખ કારી,
માનોને વાત અમારી.

ઝુલ.

સારી કન્યા ખોળી લાવું, બહુ પ્રિત કરી પરણાવું.
જોઈ જોડીને ખુશી થાવું, તમે જો જોરે વાત રૂદેમાં ધારી
પરણોને નેતમ.

ભાભીએ ઘણી તરેહથી અને મૃદુ વાણીથી નેમનાથ ને સમજાવ્યા, અને તેથી તેમને હસવું આવ્યું તેથી લક્ષ્મીજીએ જાણ્યું કે નેમનાથને લગ્ન કરવાની ખુશી છે તેમ ધારી શ્રી કૃષ્ણ પાસે આવીને કહ્યું કે નેમનાથજી પરણવાને માટે તૈયાર છે અને તે વખતે અનેક તરેહના વસ્ત્રાલંકારથી નેમ-નાથજી કેવા શોભે છે તે નીચે પ્રમાણે—

બનજારા.

શણગાર રૂપાળો સારો, લાગે સહુને મન પ્યારો;
જરકશીનો જામો પેહેરી, શીર પાઘ ગુલાબી ઘેરી;
કુંડળનો શો ઝબકારો. લાગે સહુ.
મુક્તા ફળ કંઠે શોભે, જોઈ મુનીવરનાં મન લોભે;
છે બાજુ બંધનીહાર્યો લાગે સહુ.
સુંદીર ઉપરણી ઓઢી, રથ અશ્વ અનોપમ જોડી;
શણગાર ધર્યો સહુ સારો, લાગે સહુ.
પગ સુવર્ણ તોડા છાજે, કલગી તોરા બિરાજે,

નવ રંગ ધર્યો છે ન્યારો. લાગે સહુ.
આંગળીએ મુંદ્રા પહેરી, શેલાની કોર સોનેરી;
ઝુકી રહી કમર કટારો. લાગે સહુ.

અનેક તરેહના સુશોભીત શણુગારો પહેરી જાદવની જાન લઈને પરણવા જાય છે. અને અનેક તરેહનાં વાંજીત્રો વાગી રહયાં છે. અને સર્વ અતીશે હર્શથી જાનમાં જાય છે. નેમનાથજી સાસરાના ગામમાં આવ્યા એટલે સંહાર કરવાનાં પસુઓને એક સ્થળમાં રાખી મુકેલા હતાં તે નેમનાથજીને દેખી પોકાર કરે છે.

હે ચાંપરાજ [૨] તુ આંખ ઉઘાડી દેખ. એ રાગ.

હો નેમનાથ (૨) જો તમે પરણશો નારી,
પ્રાત કાળ થશે જે વેળા ઘાત થશે અમારી.
તે કારણથી (૨) દયા દીલમાં લાવો;
આ વીનતિ સાંભળીને સ્વામી વહારે અમારી આવો.
છો ચતુર શીરોમણ (૨) કહીએ ગુણવાળા જાણી;
દયા કરોને દીનની ઉપર અરજ કરે છે પ્રાણી.
સમજો મનમાં (૨) શો ગુનો આપનો કરીયો;
અરે હાય આ મુસ્તક ઉપર ડોલ્યો દુખનો દરીયો.
પશુઓ ઉપર (૨) મેહેર મનમાં લાવી;
અરજ સુણી અલબેલા અમને તમે અહીંથી છોડાવી.
હે નેમનાથ (૨) તમે અરજ સુણો અમારી,

આ પ્રાણીપર પ્રીત લાવીને નહી પરણુશો નારી.

નેમનાથજી પશુઓનો પોકાર સાંભળીને પોતાના સારથીને પુછે છે.

ગજલ

ઓ સારથી તું બોલ આપોકાર શું કરે,
કોણ છે એ સર્વને એ શુંય ઉચરે.
કોણ મારતું હશે એ કહેને સાચી વાત,
શા કારણે રાખ્યાં હશે આ પ્રાણીયોની જાત.

સારથી—સારથી કહે છે તમે સાંભળો ને રાય,
મારશે એ પ્રાણીઓને શું કહું કથાય.
પાંજરે રહી પોકાર પસુઓ કરે,
પરણુસો તમે તો નિશ્ચે પ્રાણીઓ મરે–
લગ્નની વખતે એ સહુને મારશે,
જાદવોને•કાજ સર્વને સંહારશે.

આવું સારથીનું બોલવું સાંભળીને નેમનાથજી પશ્ચાતાપ કરે છે.

કુંવર કુવરી મારા લાડકા—એ રાગ.

અરેરે પ્રભુ હવે શું કરૂ, આતે શો ઉતપાત,
મુજ પરણ્યાને કારણે થાયે પશુની ઘાત. અરેરે ટેક,
ધિકાર છે મુજ દેહને ધિક મુજ અવતાર,
પશુઓ પુરાવ્યા પાંજરે કરે ગાઢ પોકાર. અરેરે
મારે માટે મરે પ્રાણીઓ તેથી પ્રગટે છે શોક

સાંભળી વાણી પશુ તણી દુઃખ થાય અશોક. અરેરે
એક નારીને કારણે, મરે જીવ અનેક,
તે કારણ નથી પરણવું ભલે જાય જો ટેક. અરેરે
સારથી રથ પાછો વાળતુ નથી પરણવી નાર,
પશુઓની હત્યા ચડે ધીક મુજ અવતાર અરેરે.

સારથીએ રથ પાછો વાળ્યો તે જોઈને નેમનાથના ભાઈ શ્રી કૃષ્ણ ત્યાં જઈને નેમનાથજીને સમજાવે છે.

વેલા ઊઘાડોને દ્વાર સદેવંત—એ રાગ

શીદને રીસાઇ જાય, બંધુ મારા વાત સુણોને
લોકમાં હાંશી થાય, બંધુમારા વાત સુણોને ટેક.
સાચુ કહો શું દુખ છે પાછા વાળ્યા શા માટ,
પરણ્યા વીનાજઈ એકદી તેમાં ના રહે આપણો વાટ. બંધુ
નહીં આપણુ બીજા સમા માનો તમે નેમનાથ,
જાદવ કેરા કુળમાં બેસે કલંક મારા ભ્રાત. બંધુમારા
લાજે માત પીતા સહું વણ પરણે ન જવાય,
જાય ઇજત જગમાં બહુ પછી કાયર કુળ કહેવાય, બંધુ
રાજેમતીના સરખી મળી રૂડી તમને નાર,
તમ સરખા ભરથાર છો રૂડુ ભોગવો સુખ અપાર. બંધુ
જોડીજુઓ જગમાં તમે આ સરખી નહી જોડ,
વર કંન્યા લાયક દીસે જેમાં ના મળે આંપણ ખોડ. બંધુ
તમ જતા રાજેમતી થાશે અધીક ઉદાસ,
ઔહ્નુ પાપજ લાગશે માટે આસો હમારી પાસ. બંધુ

પછી નેમનાથજીના સસરા ઉગ્રસેન પણ પણ ત્યાં આવીને સમજાવે છે-

મારા સ્વામી મારાથી છોટા—એ રાગ

વળો કેમ પાછા હવે આવી,
જાદવ કેરી જાન રૂડી લાવી. વળોકેમ ટેક
કહો વાંક શો પડીઓ મારો,
પરણ્યા વીના પાછું જવું ધારો વળો કેમ
મળ્યા મુને જમાઈ રૂપાળા
શોભે તેથી આંગણીયુ વાલા વળો કેમ

આવી રીતે નેમનાથને ખુબ સમજાવ્યા તો પણ પાછા વળતા નથી તેમની સાથે પરણનાર રાજેમતી આવીને પોતાના પતીને સમજાવે છે

રાગ સીતાજીના મહીનાનો

મારા સ્વામીજી ચતુર સુજાણ કહુ એક વાતડી
કેમ પાછા વળો આ વાર બળે જોઈ છાતડી
રથતોરણથી કરી રીસ પ્રીતે પાછો ફેરવ્યો
જાંખા જાદવ કૃષ્ણ સહીત સાથ સરવે થયો
મુકી શરમ કહુછુ આજ સુણોસ્વામી માહેરા
તમ માતાએ દીધી સીખ તે તોરે સુણો જરા ૧
મુકી સરમ સ્વામીજી મે આજ ઉદાસી તમતણી

માટે મુજપર રાખો મેહેર તમો છો સાચા ધણી
પ્રીત આઠ જનમની જાણી દાસી પર દયા કરો
મુજને વાગ્યા તે મોહના બાણ અવસર આ પાછા ફરો
મારૂ ચંચળ ચીત ચીરાય નીરાસી ના કરો
હું તો લળીલળી લાગુ પાય પીયુમાં પરવરો
મારૂ કંપે કાળજડું અપાર નથી કેમ માંનતા
બાંધી સ્નેહે સબંધની ગાંઠ કહો પાછા કેમ જતા

રાગ વણજારો.

સુંદીર વેશ બનાવીને હો સ્વામીરે;
આવ્યા પ્રીતમ પ્રણવા કાજ કહુ શીર નામીરે,
જાદવ જાન સાથે લઈ હો સ્વામીરે.
આવ્યા મોટમથી માહારાજ કહુ શીર નામીરે,
હરશ ધરી મનમાં અતી હો સ્વામીરે.
હવે કેમ થયા ઉદાશ કહુ શી નામીરે,
જાદવ કુળ ઝાખુ થસે હો સ્વામીરે.
જો કરશો મુને નીરાશ કહું શીર નામીરે,

ધીક યુવા ધીક મુજને એ—રાગ.

નવરે જશો મારા નાથજી કહેછે રાજુલ નારજી,
મુજ વિનતી શ્રવણે ધરી સ્વીકારો ભરથારજી. નવરે.
આઠરે ભવની મારે પ્રીતડી હવે તરછોડી જાવજી,
આવુ ઘટે નહી આપને કેમ વીયોગી થાવજી. નવરે.

પ્રાણ થકી વાહાલા તમે જાદવ કુળની જાતજી,
ઘેર બેઠા મુજને મળ્યા સુખ્ય સ્વામી શાક્ષાતજી. નવરે.
આવી પડીછુ હું આશરે મારા ચીતડાના ચોરજી,
મોહ લાગ્યો તુજ મુરતે જેમ ચંદ્ર ચકોર જી; નવરે.
તોરણથી તરછોડીને કીધાં ફોકટ ફુંદજી,
અણ ગમતાં અમને કર્યા વાલા વૃણચર વૃંદજી. નવરે.
પલકે નેહ ન તોડીએ કદી કરીએ તે આગજી,
દાસી જાણી નવ છોડીએ માનો શત્ય ભુપાળજી. નવરે.
જાણું હું પ્યારી પ્રાણથી દીસો હૈયાના હારજી,
ભરદરીએ મુકી ચાલીઆ જાસે કેમ અવતારજી. નવરે.
જળ વીન મીન બરે સહી કદી પય કોય પાયજી.
તેમ જીવું તમ આશરે વીયોગે જીવ જાયજી. નવરે.
અબળા સરજ્યાં હમે આ સમે દીન તમારી દાશજી
દયા કોરો મુજ ઉપરે પુરો હમારી આશજી. નવરે,

મારે આજની ઘડી છે રળીયામણી એ-રાહ

કહે રાજુલ નેમને તમે આ શું કર્યું જો,
સાને કાજ સ્વામી સુખ સર્વ પરહર્યુ જો. કહો.
કાહુ પ્રાણ મારો પાયુ હું તો પ્રીતથી જો,
દીક્ષા લેવી તે તો લાગે બુરી રીતથી જો. કહો.
એવા કાલા વાલા રાજુલ ત્યાં અતી કરે જો,
પણ નેમનાથ પાછા પોતે ના ફરે જો, કહો.

ચાલી ગીરનારમાં જઈ તે તો કહો જો,
પરમ ધ્યાન તણો ભાવ અતીસે ચડયો જો. કહો.
એક હજાર મુની નેમ સાથે વર્યા જો.
જોગની તીથી ચલાવે સહુ સાથને જો. કહો.
ગીરી ગુફામાં જઈને સાધે જોગને જો.
પંચાવનમે દીવસે કેવળ ઉપન્યું જો. કહો.
કર જોડીને જેસંગ અતી કરગરે જો,
દયા ધર્મ થકી દુઃખ સઉ પરહરે જો કહો.

રઘુપતિ રામ રૂદેમાં રેજોરે—એ રાગ.

કરે વીલાપ રાજુલ રાણીરે, ગતી કર્મ તણી આ જાણીરે;
આઠ ભવની તો તુટી બાણી. મુકી કેમ ચાલીયા સ્વામી
• મારારે.—ટેક.
નવમે ભવ મને કુંવારી મેલીરે, કહો કોણ હવે મુજ બેલીરે;
કહું કરગરીને વાત છેલ્લી. મુકી કેમ.
મનમાં જાણતી આપછો ભોગીરે, થઈ બેઠા શું સ્વામીજી જોગીરે;
રોતી રાખીને ચાલો સંયોગી. મુકી કેમ.
દુખ દરીયામાં ડુલી હું આજરે, રૂડા કુળ તમારાને કાજરે;
તોયે રઝળતી મુકી મહારાજ. મુકી કેમ.
વર મળીયો હતો મુને સારોરે, વીયોગ પડવાનો એમનોમારોરે
વાંક કર્મનો મોટો મારો. મુકી કેમ.
મુકી નાર થયા તમે ત્યાગીરે, રીત સાધુ તણી ઠીક લાગીરે;

મા-ી ઉગતી આશા ભાગી. મુકી કેમ.
જાણો દાશી મને આ વારરે, મુકી ચાલ્યા નથી આધારરે;
કહે જેશંગ રડતી નાર. મુકી કેમ.

આવી રીતે પોતાની સર્વ સખીઓ આવીને રાજેમતીને ઘણી તરેહથી સમજાવેછે પણ માનતી નથી અને કહેછે.

રાગ આશાગોડી.

શણગાર શું હવે ધરીયે, સુણો એની શણગાર શુ હવે ધરીયે;
સ્વામી અમે સદા ભજીએ, સુણો એની—ટેક.
પ્યારો મારો ગીરનાર ગયોછે, હવે અમે શું કરીએ. સુણો.
પીયુ વીના જે શણગાર સજીએ, સંસાર કદી ન તરીયે. સુણો.
આ આભુષણ દુર કરીને, હવે અમે સંજમ ધરીયે. સુણો.
આ સંસાર અથીરજ દીસે, નેમની પાસેજઈ રીજીએ.
આઠ ભવના મારા સ્વામીએ છે, નવમે કેમ પરહરીયે; સુણો.
છે એ પ્રાણપતિ એ મારો, ભક્ત સદા આદરીયે. સુણો.
એ પીયુને શરણે જઈ રહીયે, તો ભવસાગર તરીયે. સુણો.

હવે રાજેમતીએ આ સંસારના મોહજાળમાં નહી પડવા ધારી પોતાના પતી નેમનાથની પાસે ગીરનારપર જઈ દીક્ષા લેવા વીચાર કરે છે તેથી તેના પીતા ઉગ્રસેન આવીને કહે છે.

વનજારા.

સુણ પ્યારી પુત્રી મારી, આ શીખામણ છે સારી.

વળ પાછી ઘેર તું સુખથી, થઇ કાયા દુર્બળ દુખથી.
સુ કહુ હું આજ વધારી. આ શીખામણ.
તું સ્નેહ સ્વામીનો છોડ, બીજાશું પ્રીતી જોડ,
છે અવર ઘણા અધીકારી. આ શીખામણ.
શું રૂપ એવડુ એનું, છે શામ વરણ સહુ તેનું,
મોહી તુ શું એને ધારી. આ શીખામણ.
ચીંતા તજ મારી બાળી, આ માન વચન રૂપાળી,
હું કહુંછું સૌ સુખકારી. આ શીખામણ.
જોઇશું જમાઈ મોટો, જેનો નહી જગમાં જોટો,
મળશે તુજને સુખ ભારી. આ શીખામણ.

આવાં પીતાનાં વચન સાંભળીને રાજેમતી કહેછે. અરે પીતાજી એ શું આપ કહોછો મારે તો પર પુરૂષ ભાઈ સરીખા છે ત્યારે તેની સાહેલીઓ તેને સમજાવે છે તે નીચે પ્રમાણે

અયે કુમજાતી પીંગળા—એ રાગ.

સુણ બેની રાજેમતી તું કેમ રૂદન કરે.
સ્વામી હવે શું એવો તુને નહીં મળે;
છે સ્વરૂપે કાળો તેને કેમ મોહી રહી,
ગભરાય બાઈ શું છે બીજો પતી મળે નહી.
રાજુલ—સાંભળ બેની તું એને શેવશું અમે,
છે રૂડા તેનાજ ગુણ સુણજો તમે.

મુને છોડી નેમનાથજી ગીરનારપર ગયા,
ત્યાંતો કાવસક ધ્યાને ઉભા જઇ રહ્યા.
અરે હવે શું થાય મારો જીવ જાય છે,
પતી તણા વીયોગથી તો કષ્ટ થાય છે.
બંધાઈ મારે પ્રીત નેમનાથ શું ખરી,
અળગા કદી કરૂ નહી હું સ્વામીને જરી.

સખીઓ— ગીતિ.

અરે હવે ઓ બેની રૂદન મુકીને ચાલો ઘર જઈએ,
થાવાનું તે થાયે પ્રભુ ઇચ્છા તે સર્વે શીર લઈએ;
સ્નેહ તજો સ્વામીનો કરો હવે ભરથાર અન્ય જોઈ,
દેહ દમો શા માટે ચીંતા ધરીને સુખ સાટે રોઈ.

ખુશ રહો સનમજા— એ રાગ.

સુણ સહીયર મારી વાત અરે તું આજે,
કલ્પાંત કરે તે જોઈ દીલ મુજ દાઝે.
હવે તજી સ્વામીનો સ્નેહપુરમાં ચાલો,
સ્વામીને સોધો અન્ય મંદીરે મહાલો,
શણગાર સજો વીધ વીધના અંગે ભારે.
સુભ વસ્ત્ર તણી બહુ ભાત ધરો આ વારે.
મુકી દો નેમનું નામ ડાહ્યાં થઇ રહીયે.
સહીયર જાણીને સર્વ શીખામણ દઇએ.

કહુંશું નશીબે દુખીયો કીધોછે.—એ રાગ.

આ શું વદો તમે પીતાજી આજે.
જે થકી મુજ જનેતા લાજે. આશું વદો. ટેક.
બાણુ સરીખા બોલ ગણું હું.
આવી મુને તે અંતર ગાજે. આ શું વદો.
આ ભવમાં બીજા ભાઇ સમાછે,
સ્વામી સદા નેમનાથનુ છાજે. આશું વદો.
જે કહો વાત તે સર્વે વૃથા છે.
સાંભળીને મારૂ અંતર દાઝે. આ શું વદો.
જે વાટે નેમનાથ ગયા છે,
હું પણ જાઇશ તેણીજ વાટે. આશું વદો.
દીક્ષા લઉ ગીરનારમાં જઇને,
ધ્યાન ધરૂ જઈ સ્વામીની સાથે. આ શું વદો.
માટે વળો સહુ ઘેર સુખેથી.
નવ અકળાશો અમારી કાજે, આશું વદો.

બેડો બાઇ બુડતો તારોરે—એ રાગ.

પીતા દુખ શાને સાંભળોરે, સુખે તમે ઘેર પધારો ટેક.
દુખ રૂપી સંસારને છોડી જાણી સ્વામીની સંગ,
નેમ ભજી નેમ શરણે નીવાસુ આજ વધેછે ઉમંગ. પીતા.
અન્ય પુરૂષ ભાઈ બાપ સરીખા અંતરથી જાણું આજ,
સંસારનુ નથી કામ હવે મારાં સુધર્યાં સર્વે કાજ. પીતા.
માટે હવે ઉદાશી ન થાસો અંતર આણો ન દુઃખ.

નેમનાથ ભરથાર મળે તેથી પામીશ પુરણ સુખ. પીતા.
મુજ માતાને કહેજો જઇને પુત્રી ગઇ તપકાજ,
ચીંતા કરે નહી ચીતમાં કોદી સુખે ભોગવજો રાજ. પીતા.
સુકૃત કરવાથી સુખ મળે ને સફળ થાયે અવતાર,
શું સંસારમાં સુખ દીસે છે કેવળ દુખનો ભાર. પીતા.

હવે રાજેમતી માતા પીતા પાસેથી રજા માગી ગીરનાર તરફ જાયછે અને રસ્તામાં સાસા સંકટ પડયાં તે નીચે પ્રમાણે.

સીધાચળ શીખરે દીવોરે—એ રાગ

શીખામણ દઇને ચાલ્યારે. રાજેમતી તપ કરવાને.
ગીરનાર તરફ સીધાવ્યારે. રાજેમતી. ,,
સખીઓ વળાવાં આવીરે. રાજેમતી. ,,
બહુ પ્રિત થકી બોલાવેરે. રાજેમતી. ,,
ગીરનાર સમીપે આવેરે. રાજેમતી. ,,
પીળા અંબર અંગ સોહાવેરે, રાજેમતી. ,,
વરસાદ પડે ચો ધારરે. રાજેમતી. ,,
મુખથી નેમ નામ ઉચારેરે. રાજેમતી. ,,
સહુ અંગનાં વસ્ત્ર ભીંજાયાંરે. રાજેમતી. ,,
ગુફામાં જઈ સુકાવ્યાંરે. રાજેમતી. ,,
થયાં નગ્ન સ્વરૂપે બાળીરે. રાજેમતી. ,,
રહેનેમીએ તે ભાળીરે. રાજેમતી. ,,

થયા મોહ મુની તપ ભાગીરે. રાજેમત્તી ,,
માયાની મોહની લાગીરે. રાજેમતી. ,,
કહે રાજેમતીને વાણીરે. રાજેમતી. ,,
ઉત્તમ મેં તુંજને જાણીરે, રાજેમતી. ,,
ચાલો સંસારી થઈએરે, રાજેમતી ,,
વન તજી વસ્તામાં જઇએરે રાજેમતી. ,,

આવી રીતે રહે નેમીનું બોલવું સાંભળી રાજેમતી શીખામણ દે છે તે નીચે પ્રમાણે.

બનજારા

રેહે નેમી સુણોને આજે હું કહુંછું તમારે કાજે,
છે મોહ જગતમાં મોટો, પણ છે સંસારજ ખોટો;
જેમ વીજ ગગનમાં ગાજે. હું કહુંછું
જેણે ધારી પરનારી, તે નર્ક તણો અધીકારી,
કુળ માત તાત સહુ લાજે. હું કહુંછું
તમે જપ તપ કીધું ભારી, તોય નજર કરી નઠારી.
તે જોઇ મુજ દીલડું દાઝે. હું કહુંછું.
આ મનુષ્ય જનમ છે મોઘો, નવ કરવો ત્રણથી સોંઘો
એમ કહ્યું મુની મહારાજે. હું કહુંછું.
તમે અઘોર તપ આદરીયું, પરનારીમાં ચીત ધરીયું
તે પાપ ઘણું શીર ગાજે. હું કહુંછું
ભાભીનું કહ્યું લ્યો માની, કરો પાપ તણી હવે હાની,
સુણી વચન મહારૂં આજે. હું કહુંછું

આવું રાજેમતીનું કહેવું સાંભળીને પોતાના કરેલ કુકૃત્ય-નો રહે નેમીને ઘણો પશ્ચાતાપ થવા લાગ્યો, કે અરે આ શું મેં અઘોર પાપનું કામ કર્યું, અને હું હવે શી રીતે છુટીશ. એવી રીતે અત્યંત દીલગીર થઇ પોતાના આત્માને ધિક્કારેછે

સુણો દીલજી તપ ધરનાર—એ રાગ

ધિક્ક ધિક્ક મુજ અવતાર, અઘોર કૃત્ય આ શું કીધુરે
નરણે નીરખી મેં પરનાર. અઘોર.
અરે અધમ થયું નીચ કામ. અઘોર.
શાને માટે આવ્યો. આ ઠામ અઘોર
ભુલ્યો દેહ તણું બહુ ભાન, અઘોર.
પડયા નર્કમાં મુકી ભગવાન. અઘોર.
લાજ્યાં માત તાત અને ભ્રાત, અઘોર.
થયો પાપી હું ક્ષત્રી જાત. અઘોર.

આવી રીતે અત્યંત પશ્ચાતાપ કરીને પછી નમ્રતાથી રાજે-મતી પાસે પોતાના અઘટીત કામની માફી માગે છે.

રાગ ઉપરનો.

અરે સુણ શાણી રાજેમતી નાર,
માફી હું તુજ પાસે માગુંરે. ટેક.
થાઉં ઉદાશી હુ અપરમ પાર માફી હું.
કહ્યું તુજને અઘટીત વચન. માફી હું.
તેથી અકળાય છે મુજ મન. માફી હું.

શેશ ધરશે નહી તમે નાર. માફી હું.
હવે મુજને તું ગમે તેમ તાર માફી હું
કહ્યાં નહી કહેવાનાં વેણુ. માફી હું
તે મેં કહ્યા તમને કેણુ, માફી હું

આવી રીતે રહેનેમીનું દીનતાથી બોલવું સાભળીને રાજેમતી તેનાપર ખુશી થઈને શીખામણ દીધી કે હે રહેનેમી તુમે ફરીથી દીક્ષા લઈ સ્થીરતા મનથી સંજમ પાળોતો તમારૂ કરેલું પાપ નિરવાણ થાય. આવું રાજેમતીનું બોલવું સાંભળી રહેનેમીએ તુરત દીક્ષા લીધી અને તેની જોડે રાજુલે પણ દીક્ષા લીધી. અને સારી રીતે સંજમ પાળીને અંતે મોક્ષ પદ પામ્યા

પુર્ણ થયોછે ખેલ એ—રાગ.

સુણુજો જૈની ભાઇ, સર્વે સુણુજો જૈની ભાઇ. ટેક.
જે શેવા અરીહંતની કરસે, થાશે સ્વર્ગે સવાઈ. સર્વે
તીર્થંકર ચોવીશ જે કહીયે રાખે હેતે વધાઇ. સર્વે
ઉત્તમ ધર્મ જીનેશ્વર કહાવે, પવીત્ર છે સુખદાઈ- સર્વે
ભક્તિ કરી જુઓ રાજુલ નેમે, કીર્ત્તી જગમાં ગવાઈ
રહેનેમી ભકતીમાંરહીને, જીનેશ્વર ગુણ ગાઈ. સર્વે
અંતે મોક્ષ ગતી પદ પામ્યા જગમાં જશ પસરાઈ, સર્વે
જેસીંગ વીનતી કરીને કહે છે નેમનાથ ગુણગાઈ, સર્વે

સમાપ્ત

શાળીભદ્ર ચરિત્ર.

પ્રાર્થના

કલ્યાણ.

જયજય જીનેશ્વરા તુંજ ઈશ્વરા.
નમ્ર થઈને નમુ સદા ધરાધરા, ટેક
વિનતિ કરી માગુ છું સ્વામી, ભવજળ તરવા કાજ,
હું અપરાધી પાપી પુરો, માફ કરો મહારાજ. જયજય
સદ બુદ્ધિ આપો શેવકને, છો સ્વામી સુખકાર,
કુડ કપટ કદીએ નવજાણુ, નીરાધાર આધાર જયજય
એક આશરો અંતર જામી અવર નથી કો આશ,
શરણે છું શેવક તારો હુ, પ્રિતે રાખો પાંશ. જયજય
મારા અલ્પ કીચીંત કૃત્યો, શી રીતે ગુણગાઉ,
કાલુ ઘેલુ બોલીને હું, પુર્ણ કૃતારથ થાઉ. જયજય.
સંસારી માયા બંધનમાં, વળગ્યો છું હું આપ,
કહેછે જેશંગ તુજ શરણે હું, સુખ દુઃખ આપ પ્રતાપ. જયજય

રાગ ઇંદર સભાની ગજલ-

સાસન નાયક સમરીયેને વ્રધમાન જીનચંદ
અલી વિઘન દુરે હરે ને આપે પરમ આનંદ

જીનવર ને પ્રિતે નમુને નહિ મુજ બુદ્ધિલેશ,
કરી પ્રણામને ગાઈએ ને લોક રીતીથી બેશ
દાન શીયળ તપ ભવનાને શીવપુર મારગ ચાર,
સરીખા છે તોપણ ઈંયાને દાન તણો અધીકાર.
શાલીભદ્ર સુખ સંપદાને પામીદાન પસાય,
ચરીત્ર તેનું સાંભળતાને, પાતીક સરવે જાય.
તે પ્રસંગે જે થઇ છે, ધન્નાની પણ વાત,
સાંભળો સાવધાન થઈને, સર્વે મારા ભ્રાત

રાગ ઓખાહરણનો

રાજગ્રહી નગરીની મોઝાર, શાલી ભદ્રે લીધો અવતાર
ભરવાડની જાતી ભલાઇ, પણ હાલત છે ગરીબાઇ.
દીસે વાસનુ નાનુ શું ધામ, રહેતાં માત પુત્ર તે ઠામ
આવ્યો સાતમનો તેહેવાર, સરવે ભોજન કીધા અપાર.
ખીર કરેછે સર્વે લોક, જોઇ પ્રગટયો છે પુત્રને શોક
નથી રોટલી ઘેર ખાવાની, પછી ખીર કરે તે શાની.
કહી પુત્રએ માતને પેર, કરો ખીર માતા આપ ઘેર.
કહે માત ઘરે દુધ નથી, કહો ખીર કેમ કરીયે મથી.

તેવુ સાંભળીને પોતાની ભલી પાડોશણ ત્યાં આવીને પુછવા લાગી કે તમે આજે કેમ ખીર કરી નથી ત્યારે શાળીભદ્રની માએ કહ્યું કે બાઇ મારી પાસે ખીર કરવાના પૈસા નથી તેવું સાંભળીને સર્વે પાડોશણોએ થોડી થોડી વ

રતુઓ આપીને ખીર કરાવી. અને તૈયાર થઇ એટલે પોતાના પુત્રને બોલાવીને કહેછે

ગીતિ.

આવો સુત જમવાને, થઇ હવે આ રસોઇ તૈયારી,
ખીર ખાંડને પોળો, પીરસું છું હું પ્રેમ ભરી થાળી.
જળ ભરવાને જાઉ, ધીરે રહી તુ ભોજન કરભાવે
હમણાં જઈ આવું છું, શા માટે તું વીચાર મન લાવે.

ગજલ

પુત્રને બેસારી માત ગયાં પાણી કાજ
ત્યાં અગાડી આવ્યા માસખમણના મહારાજ.
શીષનામી શાલીભદ્ર સ્તુતી ત્યાં કરે
ખીર ઓરાવાની ઘણી અરજ આદરે.
મેહેરકરીને મુની આ ઓરો મારૂ અન,
ધન્ય આજદંન થયું આંગણું પાવન.
હાથ જોડીને કરૂં છું નમ્ર વીનતિ,
સફળ થઇછે. આજ મારા કર્મની ગતિ

સીદ્ધચળ શીખરે દીવોરે–એ રાગ

મુંનીને ત્યાં ખીર ઓરાવીરે–પુન્ય પરમાથ જાણીને. ટેક
દીલગીરી મનમાં નવ આવીરે. પુન્ય પરમારથ જાણીને.
ઓરી કરી મુની સીધાવ્યારે. પુન્ય પરમારથ.

શાળીભદ્રે સ્વામી વળાવ્યારે. પુન્ય પરમારથ.
પછી ચાટવા માંડી થાળીરે. પુન્ય પરમારથ.
માતાએ આવતાં ભાળીરે. પુન્ય પરમારથ.
તે જોઇને માત વીચારેરે. પુન્ય પરમારથ.
ભુખ્યો રહ્યો પુત્ર વધારેરે. પુન્ય પરમારથ.
એ જાણુની ખીરજ ખાધીરે. પુન્ય પરમારથ.
રહી ભુખજ તેહને ઝાંઝીરે પુન્ય પરમારથ.
માતા ચિંતામાં પેઠીરે. પુન્ય પરમારથ.
તેની પૂંઠી પુત્રને બેઠીરે. પુન્ય પરમારથ.
તેથી સુત દેહજ પડીયોરે. પુન્ય પરમારથ.
ગૌભદ્રને ઘેર અવતરીયોરે. પુન્ય પરમારથ.

ચાલો બેની ગીત ગાઇએ પ્રિતેરે—એ રાગ.

જુઓ શાળી ભદ્ર જન્મજ પામ્યારે
સગાં સર્વનાં દુખ વીરામ્યા. જુઓશાળી– ટેક
રાજગ્રહી નગરીની મોઝારરે,
લીધો ગૌભદ્ર ઘેર અવતારરે,
હરખ્યો સુતને દેખી સંસાર. જુઓ
ભદ્રા માત પ્રભુ ભક્તી કરતાંરે
શાળી ભદ્રનાં સંકટ હરતાંરે
હર્ષે આંશુ એ આંખડી ભરતાં. જુઓ.
મ્હોટા મોટા શાળી ભદ્ર ભાઈરે,

બન્ના વીવેકને ચતુરાઈરે;
થયા સર્વથી શ્રેષ્ટ સવાઇ જુઓ
પછી પીતા એ પુત્ર પરણાવ્યારે;
રૂડી બત્રીશ નારીયો લાવ્યારે;
એવી સાહેબીમાં તે આવ્યા જુઓ
વૃધ્ધ પીતાએ દીક્ષા લીધીરે,
માયા સંસારની તુચ્છ કીધીરે;
સીધગેરી ગયા પદ શીધી. જુઓ
અંતે દેવતાની પદવીને પામ્યારે,
થયા દેવતા કિર્તિમાં જામ્યારે:
જઈ અમરા પુરીમાં વીરામ્યા. જુઓ

ગીતિ.

પુન્ય થકી ગૌભદ્ર થયા દેવતા અણુસણુ પરતાપે
નવાણુ પેટી તે, પ્રિત કરી પુત્રને નીત્ય આપે.
તેત્રીસ દાગીનાની, વળી તેત્રીશે વીધવીધ પકવાનો,
શોભીત જરીનાં વસ્ત્રો, તેત્રીશ મધ્યે આવે રોજ જાણો.

આવી રીતે દરરોજ કરોડો રૂપીઆનો માલ આવે જાય છે અને શાલીભદ્ર ઈંદ્રિનું સુખ ભોગવે છે, કોઈ દીવસ ઉંચેનો આભ જોયો નથી તેમજ જમીનપર પગ મુકવાનો વખત પણ આવ્યો નથી, એવામાં એક વણજારો રત્ન જડીત કામળીઓ લઇ તેજ નગરીના રાજા પાસે કામળીઓ, વેચવા આવ્યો.

હરીગીતછંદ

વીદેશમાં ફરતો થકો વણઝારો તે સ્થળ આવીયો
એ રાય પાસે વેચવા કામળ રૂડી લાવીયો,
દરબારની પાસે જઇ કહે કામળી લેશો તમો,
આશા ધરી અતી મનમાં નગરી વિષે આવ્યા અમો
રાજા કહે શું કામળીનું મુલ કેવું થાય છે,
તે કહોને સાચી વાત, શું મુજથીજ તે લેવાય છે.
પછી બોલીઓ વેપારી રાજા વ્યાજબી કીમત થશે,
હીરા જડીત આ કામળી સવા લક્ષ ગીની બેસસે.
તે સાંભળી શર્ણીક કહે, તમે સુણો મારી વારતા,
છે મુલ ઝાઝા કેરી કામળ મુજથી લેવાય ના.

આવી રીતનું રાજાનું બોલવું સાંભળીને વણઝારો વીચાર કરે છે કે મારી પાસે સોળ કામળ છે તેમાંની એક પણ આવા મોટા રાજાથી લેવાઇ નહીંતો પછી મારી બીજી કામળીઓ કોણ લેશે એમ વિચાર કરતો ઉદાશ થઇ ગામમાં ફરેછે અને પુછે છે.

સ્વસ્તિશ્રી સ્નેહપુર—એ રાગ.

તમે સાંભળો પુરના લોક મારી વીનતિરે,
અહીં કોણછે મોટા રાય, ખબર નથી પડતીરે.
મેં જોયાં પરાંને પોળ, શેરી સામીરે,
નવ જડીઉ બતાવો ભાઇ, કહું શીર નામીરે.
તેવું સાંભળી કહેછે લોક, સુણ વણઝારારે,

શાળીભદ્ર નામે છે શેઠ, અહીંના સારારે.
રત્નકામળ તારી તેહ, સર્વે લેશેરે,
તેની કીંમત કરતાં અધીક, નાણું દેશેરે.
પછી પુછતો ચાલ્યો તેહ, આવ્યું ઘર ત્યાંયરે,
ખુશી થઇને કરેછે વિચાર, ગયો ઘર માંયરે.
કહે વણઝારો કામળ આજ, મારી લ્યોનેરે.
સવા લક્ષ ગીનીનું મુલ, મુજને દ્યોનેરે.
પુછે શાળીભદ્રની માત કેટલાં નંગરે,
મુને બતાવ કામળ તેહ કેવા રંગેરે.
રાખ ધીરજ તારી સર્વ કામળ લઇશું રે,
જે થાશે તેનું મુલ તુજને દઈશું રે.

વેસ્યાએ કરીયો કેર—એ રાગ.

વણજારો કરે વીચાર, અરે આ વાર કહો શું થાશે.
આ વણીકથી શું સોળ નંગ લેવાશે.
જુઓ શહેર તણો રાજન, વીચારો મંન એકના લીધી.
શાળીભદ્રે સૌ કામળ લેવા કીધી.
એટલામાં કામળી લીધ, રૂપીઆ દીધ સોળના સાથે.
વણજારે રૂપૈઆ હર્ષથી લીધા હાથે
પણ જુઓ તમે આ દીસ નાર બત્રીસ શેઠને સોઇએ.
સર્વેના અંગને એકેક કામળ જોઈએ.
પછી કટકા તેના કીધા સર્વને દીધા વહેંચીને પોતે,

પહેરી લીધા તે વખતે સહુએ હેતે,
પણ મનમાં નવ હરખાઈ, કાયા કરમાઈ ટુકડા કીધા
સાસુજીના પગ લોઈ ઉસેટી દીધા,

તેમાંનો એક કડકો ખાળકુવાની બહાર પડી રહેલો તે ઢેયડીના હાથમાં જવાથી તે કડકો હોઢી ઢેયડી દરબારમાં વાસીદુ વાળવા ગએલ તે વખતે રાજા પુછે છે તે નીચે પ્રમાણે.

રાજા વાત કહુંછું સાચી પરણ્યો—એ રાગ.

રાજા વાત કહુંછું સાચી કામળ મારી નથી.
કામળ મારી નથી, કામળ મારી નથી. રાજાવાત. ટેક
હું ગઈતી વાશીદુ વાળવા શાળીભદ્રને અહી
રત્નકામળી ખાળકુવાની બાહાર પડીતી તહીં. રાજા.
રાજા કહેછે ચાલો રાણી તમે અમારી સાથ,
શાળીભદ્રનાં દર્શન કરવા જઈએ સહુ સંગાથ. રાજા.
એ કેવો શ્રીમંત દીસેછે નીજ નગરીની માંય,
માટે નિશ્ચય મળવા જાવું શાળીભદ્રને ત્યાંય. રાજા.
સગાં સહોદર સેન્ય સહીત એ ગયો દર્શનને કાજ,
અધીક પ્રિત અંતરમાં લાવી પુર્ણ પધાર્યો રાજ. રાજા.
ભદ્રા માતને ખબર પડી કે આવ્યો શ્રેણીક રાય,
માતા કહેછે સુણો પુત્ર નરપતી આવે મળવાય. રાજા.
રાય કોણ તે સમજ્યા નહી શાળીભદ્ર તે વાર,

માતા જે કરીયાણું આવ્યુ નાખોને વખાર. રાજા.
માતા કહેછે પુત્ર સાંભળો એ છે મોટા રાજ,
કરીયાણું એ નોય કુંવરજી છે શ્રેણીક મહારાજ. રાજા.

આવું સાંભળીને રાજાએ શાળીભદ્રને પોતાની રાણી સાથ મળવા જવા વીચાર કરયો અને જાય છે ગયા પછી સાળીભદ્રનો વૈભવ જોઈને રાજા કહે છે.

રાગ માઢ.

ધન્ય શાળીભદ્ર શેઠરે હો શાળીભદ્ર શેઠ.
આ વૈભવ સહુ તાહરોરે પુર્વે પુન્ય કરેલ.
જોઇને હું આનંદ પામુશું, પુરણ લક્ષ્મી. ભરેલરે. હો
મુક્તાફળ સુવર્ણઝબકે, સ્ફાટીક મણીનાં હાર,
રાજ ગ્રહે પણ રીતી નહીં, આશું કહુ વારંવારરે, હો
કહે માતા ભદ્રાજી પોતે, છે સહુ આપુરં
પણ ભોજન તૈયાર થયું છે નહાવા પધારો આપરે હો.
બરાસ કસ્તુરી અત્તર ખુશબો, મુકયાં નાવાકાજ,
શ્રેણીક જોઇ અચરીજ થયોછે, પામ્યો મનમાં લાજરે. હો
ભોજન પાન ગુલાબ કરીને, ગયો પોતાને ઘેર,
ધન વાળો આ સરીખો રહેછે મારે શહેરરે. હો.

રાજા જમીને પોતાને ઘેર જાય છે પણ શાળીભદ્રના મનમાં આવ્યું કે શું હજુ મારે માથે ધણી છે માટે નિશ્ચે

મારૂ પુન્ય કાંઇ ઓછુ છે તેમજ મેં પેલે જન્મ કંઈ પાપ કરેલું એવો વીચાર કર્યો તેથી મનમાં જ્ઞાન થતુ ગયું અને તે કારણથી શાળીભદ્ર પોતાની બત્રીસ રાણીઓમાંથી દરરોજની એક એકનો ત્યાગ કરતા જાય છે. તેવું જોઈને શાળીભદ્રની બેન ધન્નાશા સાથે પરણાવી હતી તે એક દીવસે ધન્નાસાને નવરાવતી વેળાએ પોતાના ભાઈની વાત સાંભળી આવી તેથી આંખમાં આસુ ભરાઈ આવ્યાં તે જોઇને ધન્નાશા પોતાની સ્ત્રીને કહે છે.

પાગ ગોપીચંદનો.

સુભદ્રા નારી કેમરે દીસેછે આવા દુખમાં.
શું સંકટ આવ્યું શુંરે વીઘન પડયું સૂખમાં. ટેક.

નીર પડયું આ નેનમહીથી, શું કારણ કહેવાયે,
પુછુ છું હું પ્રેમદાતુજને, દારૂણ દુખશું થાયરે. સુભદ્રા નારી

ખોટ નથી ઘરમાં ધન કેરી, ભરીયો માલ અપાર,
ઉદાશ કેમ દીસેછે આજે, નીમેગ મારી નારરે. સુભદ્રા.

કહે સુભદ્રા સાંભળો સ્વામી, સાચી કહુંછું વાત,
દરરોજે એક નાર તજે છે, નિશ્ચે મારો ભ્રાતરે.
સ્વામીજી મારા, સાચી કહુંછું હું તો વાતડી.

તે કારણે હુ ઉદાશ થઇછુ, આંસુ આવ્યાં આજ
મુજ વીરાનું દુખ સાંભળી, અકળાઉ મહારાજરે. સ્વામીજી.

કહે ધન્નોએ મુરખ દીસે, એમ કર્યે શું થાય,
તજવી તો સંગાથે તજવી, મોક્ષ પદે જવાયરે. સુભદ્રા

કહે સુભદ્રા કહેવું સહેલું, કરવું દોહલું કામ,
મોઢે કોઇ બોલેછે કેવું, પણ નહી હૈડે હામરે. સ્વામીજી.

કહે ધન્નો સાંભળને તુતો, એમાં શેની વાર,
આજ થકી હું ત્યાગ કરૂ છુ; નાર તણો નીરધારરે. સુભદ્રા.

સુભદ્રા કહે સ્વામી મારા, આશું બોલો બોલ.
હસતાં હું કહેતી તી અમથી, તેનો શોછે તોલરે. સ્વામીજી

જો સંજમ સ્વામીજી લેશો, ગતી મારી શી થાય,
અબળાને મુકી અલબેલા, સંજમ ના લેવાયરે. સ્વામીજી

કહે ધન્નો હું મુખથી બોલ્યો, તે મીથ્યા નવ થાય,
ત્યાગ કરૂં આ ત્રણવત દુનીયા, તો મોક્ષે જવાયરે. સુભદ્રા

પછે ત્યાંથી ધનાશા શાળીભદ્રના મેહેલમાં આવે છે ને શાળીભદ્રને કહે છે.

વેલા ઉઘાડોને દ્વાર—એ રાગ.

સુણો શાળીભદ્ર મારી વાત, ચાલો આપણ સંજમ લઈએ,
છોડી માઈક આ સંસાર, ચાલો આપણુ સંજમ લઇએ.
સુખ નથી જગમાં જુઓ, દુખ છે અપરમપાર,
સંજમ લેવામાં સાર છે, તમે માનો વચન નીરધાર. ચાલો.

શરણે રહો જીન નાથને ટળશે દેહનું દુખ,
સ્વર્ગ તણું પદ પામીને તમો ભોગવસો ભારે સુખ. ચાલો
પુત્ર અને પરીવાર તે નહી આવે સંગાથ,
જીનતા ધરવાડી સહુ મુકી જાવું છે ખાલી હાથ. ચાલો
એકેક નારી છોડતાં કયારે આવે પાર,
સુરો તેને જાણીએ છોડે સામટો જે સંસાર. ચાલો,

આવી રીતે સાળીભદ્રે પોતાના બનેવી ધન્નાશાની શીખામણ સાંભળીને સંજમ લેવા પોતાની માતા પાસે આજ્ઞા લેવા જાય છે તે વખતે પોતાની માતા આંખમાં આંસુ સહીત કહે છે.

સૈયર દુખ શું દાખવું—એ રાગ

પુત્ર મારા મુજને તજી કેમ જાવ છો વન,
એ જોઇને મુજ માતનું બાઈ તલસે છે તન. પુત્ર
વીધ વીધ શણગાર પહેરતા રૂડુ ભોગવો સુખ,
તે સુભ વનમાં જાઇને કેમ વેઠસો દુખ. પુત્ર
મશરૂ તળાઇ સુતા હતા મીઠું આરોગો અન,
તે ભોમીએ સેજ કેમ કરો મારૂ તલસે છે તન. પુત્ર
વીરાશું મુજને મુકીને તમે જાશો આ વાર,
આ સંસારમાં એકલી મને કોનો આધાર; પુત્ર

(આવી રીતે માતાનો વિલાપ સાંભળીને શાલીભદ્ર કહે છે)

માતા ઉદાશી થશો નહી અકળાશો ન મન,
જઇ શું અમે તપ કારણે લઈ સંજમ વન માતા

શણગાર વીધ વીધના સહુ, નથી આવતા કામ,
આ જુગમાં સાચુ નથી, સાચુ જીનનું નામ. માતા
સહુ સમજીને સંજમ લીધો, સર્વે જુઠો સંસાર,
સદગતી પામવા કારણે લીધી દીક્ષા આ વાર. માતા

આવી રીતે કહી સર્વેનો ત્યાગ કરી ધન્નાસા અને શાળીભદ્ર બેઉ ચાલતા થયા અને ચારીત્ર લઈ વનમાં જઈ બેઉ કાવશક ધ્યાને ઉભા રહ્યા. શાળીભદ્ર પોતાની માતાના અતીશે આક્રંદથી માયામાં જીવ રહી ગયો તેથી અંતે તેમને મોક્ષ પદવી નહી મળતાં દેવતાની ગતી પામ્યા. પણ ધન્નાશા તો આદ્દઢ તપ કરીને અંતે માયાના બંધનથી દુર રહીને મોક્ષગતીને પામ્યા.

દોહરો.

શાળીભદ્ર કેરી કથા સુણસે સ્નેહે જેહ,
કહે જેશંગ પ્રભુ રીઝશે મોક્ષ પામશે તેહ.

સમાપ્ત.

॥ अथ श्री वाहुजिननु स्तवन ॥

સાહેબ બાહુ જીનેસર વીનવું ॥ વીનતડી અવધારહો ॥ સા૦॥ ભવ ભયથી હું ઉભગો ॥ હવે ભવ પાર ઉતારહો ॥ સા૦ ॥ બા૦ ॥ ૧॥ સ૦ ॥ તુમ સરીખા મુજ શીર છતે ॥ કર્મ કરે કેમ જોરહો ॥ સા૦॥ ભુજંગ તણો ભય તિહાં ન હી ॥ જીહાં વન વીચરે મોરહો ॥ સા૦ ॥ બા૦॥ ૨॥ સ॥ જી હાં રવિ તેજે જલહલે ॥ તીહાં કેમ રહે અંધકારહો ॥ સા૦ ॥ કેસરી જીહાંકીડા કરે ॥ તિહાં નહી ગજનો પ્રચારહો ॥ સા૦॥ બા૦॥ ૩॥ સા૦॥ તેમ જો તુમેમુજ મન રમો ॥ તો નાસે દુ રિત સંભારહો ॥ સા૦॥ વછવિજય સુસીમાપુરી ॥ રાય સુગ્રી વ મલારહો ॥ સા૦॥ બા૦ ॥૪॥ સા૦॥ હરણલંછન એમ મેં સ્તવ્યો ॥ મોહની રાણીનો કંતહો ॥ સા૦॥ વિજયાનંદન મુ જદીયો ॥ જશ કહે સુખ અનંતહો ॥ સા૦॥ બા૦॥ ૫॥ ઇતિ બાહુજીનનું સ્તવન ॥

॥ अथ रीखभजीननु स्तवन ॥

માબ્બી ક્ષેત્ર સોંહામણું ॥ એ દેશી ॥

જગજીવન જગ વાલહો ॥ મરૂદેવીનો નંદ લાલરે ॥ મુ ખ દીઠે સુખ ઉપજે ॥ દરસણ અતિહી આણંદ લાલરે ॥ ૧॥ જ૦॥ આંખડી અંબુજ પાંખડી ॥ અષ્ટમી શશી સમ ભાલ લા લરે ॥ વદન તે સારદ ચંદલો ॥ વાણી અતિઅ રસાલ લાલ

રે ॥૨॥ જ૦॥ લક્ષણ અંગે વિરાજતાં ॥ અડહીય સહસ ઉ દાર લાલરે રેખાકર ચરણાદીકે ॥ અભ્યંતર નહીં પાર લા લરે ॥૩॥ જ૦॥ ઇંદ્રિ ચંદ્ર રવિ ગીરી તણા ॥ ગુણ લેઇ ઘ ડીયું અંગ લાલરે ॥ ભાગ્ય કીંહા થકી આવીયું ॥ અચરી જ એહ ઉતંગ લાલરે ॥ ૪ ॥ જ૦॥ ગુણ સઘલા અંગે ક રયા ॥ દુર કરયા સવી દોખ લાલરે ॥ વાચક જશ વિજયે શુણ્યો ॥ દેજો સુખનો પોખ લાલરે ॥ ૫ ॥ જ ૦॥ ઈતિ આ દીજીનનું સ્તવન ॥

રીખવદેવનુ સ્તવન—રાગ મરાઠી

રીષભજીનંદ વીમલગીરી મંડન, મંડન ધર્મ ધુરા કહીએ
તું અકલ સરૂપી. જારકે કરમ ભરમનીજગુણ લહીએ. રી૦
અજર અમર પ્રભુ અલખ નીરંજન ભંજન સમર સમર કહીએ
તું અદભુત યોદ્ધા. મારકે કરમધાર જગજશ લહીએ રી૦
અવ્યય વીભુ ઈશ જગરંજન. રૂપેરેસ વીન તું કહીએ
શીવ અચર અનંગી તારકે જગજન નીજસત્તા લઈએ. રી.
સતસુત માતા સુતા સુહંકર. જગત જયંકર તું કહીએ
નીજજન સબ તારો—હમોસે અંતર રખના ના ચહીએ—રી.
મુખડા બીચકે એશી રહેના, દીન દયાળકો ના ચહીએ
હમ તન મન હારો—વચનસે સેવક અપના કહે દઈએ રી
ત્રીભુવન ઈશ સુહંકર સ્વામી. અંતર જામી તું કહીએ.
જબ હમકું તારો પ્રભુસે મનકી વાત સકળ કહીએ રી

કલ્પતરૂ ચીંતામણી જાચ્યો આજ નીરાસ ના રહીએ
તું ચીંતીતદાયક. દાસકી અરજી ચીતમેં દ્રઢ ગ્રહીએ રી.
દીનહીન પરગુણ રસમે રાચ્યો. સરણ રહીત જગમે રહીએ,
તું કરૂણા સીંધુ દાસકી કરૂણા કયું નહીં ચીત ગ્રહીએ રી.
તુમવીન તારક કોઇ ન દીસે. હોવે તુમકું કયું કહીએ.
ઈહદીનમેઠાની તારકે સેવક જગમે જશ લહીએ રી૫.
સાતવાર તુમ ચરણે આવ્યો દાયક શરણ જગત કહીએ.
અબ ધરણે બેસી નાથસે મનવંછીત સબ કુછ લહીએ. રી.
અવગુણ માની પરી હરસ્યો તો આદી ગુણીજગકો કરીએ
જો ગુણીજનતારો તો તેરી અધીકતા કયા કહીએ રી.
આતમઘટમે ખોજ પીયારે બાહ્ય ભટકતે ના રહીએ
તુમ અજય વીનાશી ધાર નીજ રૂપ આનંદઘન રસ સહીએ
આતમ નંદી પ્રથમ જીનેસ્વર. તેરે ચરણ સરણ રહીએ
સીધાચલ રાજા સરે સબ કાજ આનંદ રસ પી લહીએ.

રાગ ઉપરનો

અરીહંત પદ અર્ચન કરી ચેતન જીન સરૂપમે રમ રહીએ
નીજ સત્તા પ્રગટે જારકે કરમ ભરમ નીજ સુખ લહીએ, અરીહ
એ આંકણી

તું જીન અચલ ઈશવીભુ ચીદઘન. રંગ રૂપવીન તું કહીએ.
અજ અચલ નીરાશી. શીવશંકર અઘહર જગ મહીએ. અ૦ર

અવ્યય વીભુ નીરંજન સ્વામી- ત્રીભુવન રામી તું કહીએ
સ્વતેરી વીભુતી અક્ષત અર્ચનેસે ઝટ લઇએ. અરીહં. ૩
મરૂદેવી નંદન ચરણ સૂહંકર. કીર જુગલ અક્ષત ગ્રહીએ.
કરી અર્ચન સુરનર. અંત મે પરમાત્મ પદરસ વહીએ અ૦૪

(મેંવારી જોબના મેં તેરે સંગ.) એ રાગ.

મનવાણી તનથી મેં જીનપદ ભૃંગ. એ આંકણી.

કબસોદિનને ઘડી છીન પલતે, જિહાંભકિત એકરંગ મન૦૧
નિશિ વાસરમેં જાગત સતો, જિન સેવા નહીં ભંગ મન૦૨
લયલિન જિયાં સર્વ પ્રદેશે, જિન ગુણ પ્રેમ તરંગ. મન૦૩
દ્રગલલક દીએ રિષભજિનંદા, સેવું ચરણ નિસંક. મન૦૪
વૃદ્ધિ ગંભીર કરૂં નીત્ય કેલી, શિવ રમણીકે સંગ. મન૦૫
ઇતિ તત્ર પ્રથમ શ્રી રૂષભ જિન સ્તવન સમાપ્ત.

૩ અથ શ્રી સંભવજીન સ્તવન.

રાગ ચતુરંગ.

ગુમાની કીની ના તે સંભવ સંગ. એ આંકણી, પદ પંકજમે ચંચળ તોસો કંપે જ્યુન તુરંગ. ગુ૦ ૧. જસ સંગતમેં જોર ડસીલો, ડંકે ન કામ ભુજંગ ગુ૦ ૨. હિત સાધનમેં છીન ના લાગે, મુકિત પ્રયાણ અભંગ. ગુ૦ ૩. ભ્રમ ભુલન તે સાર ન જાણ્યો, રૂપે મોહયો પતંગ. ગુ૦ ૪. વૃદ્ધિ સુ ગુણ લે સંભવ સેવી, ગંભીર ગ્નાનતરંગ ગુ૦ ૫. ઈતિ૦

૪ અથ શ્રી અભિનંદન જીન સ્તવન.

રાગ ચતુરંગ.

વર પુન્યે પાયે મેં શ્રી અભિનંદ. એ આંકણી. સૂભસેવ નમેં જે કરે જગમેં, તે ફૂલ્યા આજ અમંદ ૧. વર૦ સબ દેવનમેં દેવ નગીને, સેવે જાશ સૂરિંદ ૨. વર૦ હર ધાતા શિવ બ્રહ્મ મહેશ, વિષ્ણું જીન ગોવીંદ. ૩. વર- ગુણથી જી. નમેં નિર ઉપચારે, પદ સોહે સૂખ કંદ ૪. વર૦ વૃદ્ધિ ગંભીર એ પ્રભુ સેવી, પામું પરમાનંદ. ૫. વર૦ ઇતિ.

હાડાજી શું કરો સાહાસ—એ રાગ.

પ્યારા પ્રભુ પાર્શ્વ નાથને, અરજ કરૂ શીર નામીરે પ્યા
રત્ન ચીંતામણી સરીખોજ ધર્મ આ, નવ જસો તુમે હારીરે પ્યા
જૈનપ્રતીમાની મુરતી દેખત, સંતોષ થયો મુને ભારીરે પ્યા.
પુજા કરતાં પાપજ જાવે, તેવી પ્રતીમા ગુણવાળીરે પ્યા
કેશર ચંદને જીન પ્રતીમાની, પુજા કરો મન સુદ્ધ આણીરે પ્યા
ઉલટ ધરીને જે કોઈ શરણું, જાય તે તેની બલીહારીરે પ્યા
આઠે કર્મો સત્રુની માફ્ક, વીંટાઇ વળ્યા દુઃખ દાઇરે. પ્યા
માત તાત્ત સુત બંધવ ભાઇ, તેની નવ જાણો સગાઇરે પ્યા
અથીર સંસાર આ સાગરમાંહી, નવ ફસાસો મારા ભાઇરે પ્યા
જેસંગ જૈનનો જયકાર ગાવા ઉલટ ધરે મનમાંહીરે પ્યારા

સંપુર્ણ.

જાહેર ખબર.

અમારી ઓફીસમાં વેચાતાં પુસ્તકોનાં નામ નીચે પ્રમાણે

નામ	કિંમત
શાળાબદ્ધચિત્ર અને નેમરાજમતીનો નિયાણ આખ્યાન ગોશા	૧—૨—૦
નવસારિકા ચમત્કાર	૦—૧૦—૦
સદ્ગુણાવલી	૦—૧૨—૦
પ્રેમનીપરિક્ષા	૧—૪—૦
સુરેખાહરણ નાટક	૦—૨—૦
સુરસેન ચન્દ્રકુમારીના ટક્કા આગે નાટક	૧—૦
લોકભ્રમ.	૦—૮—૦
સુશીલવચના	૦—૨—૦
દુનીયાનો ઈન્સાફ અને અન્યાયવાદીનો જગડો આગ્રીત બોઝ	૧—૩—૦
જૈન પ્રાર્થનાવળી	૦—૨—૦

એ શિવાય ઘણી જાતના પુસ્તકો અમારી ઓફીસમાંથી મળશે. સામટી મંગાવનારને કમીશન આપવામાં આવશે ટપાલ ખર્ચ જુદું પડશે. બેરંગ કાગળ લેવામાં આવશે નહીં. ખાત્રી કરવા વધારે પત્ર મંગાવનારને પોસ્ટેજ માફ.

મેનેજર 'હિંદુસ્તાન' પ્રેસ. અમદાવાદ.

છપાય છે.

ગુર્જરપતિ મહારાજા સિદ્ધરાજજયસિંહનું નાટક થોડા વખતમાં બહાર પડશે. કિંમત પોસ્ટેજ સહીત ૦—૫—૦

પ્રસિદ્ધકર્તા } અમદાવાદ
મોહનલાલ જેઠાભાઈ } લુહારનીપોળ